અંગત્યનો પરિપત્ર

ક્રમાંક-મઉમશબ/ક-૧/સા.પ્ર/માર્ચ-૨૦૨૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦.બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૦૧/03/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ)
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ),
ગુજરાત રાજ્ય.

વિષય – **ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૪ના ONLINE પ્રવેશપત્ર (Hall Ticket) બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, સામાન્ય પ્રવાહના આપની શાળાના નિયમિત/રીપીટર વિદ્યાર્થીના **ONLINE** ભરેલ આવેદનપત્રના આધારે ઉમેદવારોની પ્રવેશિકા (HALL TICKET) ONLINE મૂકવામાં આવેલ છે. તે અન્વયે નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

1) આપની શાળા મારફત ઉમેદવારોના ONLINE રજીસ્ટ્રેશન દ્વારા ભરાયેલ આવેદનપત્રો તેમજ માર્ચ-૨૦૨૪ની આપે મોકલાવેલ ફીના ચલણ તથા માહિતીને આધારે ઉમેદવારોના પ્રવેશપત્રો (હોલટીકીટ) બોર્ડ દ્વારા તૈયાર કરી ONLINE મૂકવામાં આવેલ છે.

2) ઉમેદવારોના પ્રવેશપત્રો (હોલટીકીટ)માં વિદ્યાર્થીઓનું પૂરું નામ, ફોટો, બેઠક નંબર, શાળા ક્રમાંક, કેન્દ્ર નંબર/નામ, લીધેલ વિષયો/વિષય કોડ, માધ્યમ, પરીક્ષાની તારીખ-સમય, ઝોન નંબર, પરીક્ષા સ્થળનું નામ, બ્લોક નંબર વગેરે જેવી તમામ માહિતી આપેલ છે. જે તમામ માહિતી શાળાના રેકર્ડ પ્રમાણે બરાબર છે કે કેમ તેની ચકાસણી કરીને જ ઉમેદવારોને સત્વરે પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણ કરવાની રહેશે.

3) ઉપરોક્ત તમામ બાબતોની શાળા રેકોર્ડ મુજબ ખરાઈ કર્યા બાદ જો કોઈ ઉમેદવારોના નામ, અટકના સ્પેલીંગમાં સામાન્ય જોડણી દોષ હોય તો આપની શાળાના જી.આર. પર L.C. મુજબ નોંધાયેલ વિગત અને S.S.C. ના ગુણપત્રક અનુસાર સ્પેલીંગ ઉમેદવારના પ્રવેશપત્ર (હોલટીકીટ)માં સુધારીને તે સુધારા પર સહી-સિક્કા કરી પ્રમાણિત કરીને ઉમેદવારને પરીક્ષા આપવા માટે વિતરણ કરવાની રહેશે તથા પ્રવેશપત્ર (હોલટીકીટ)ની ઝેરોક્ષ નકલમાં લાલ પેન વડે સુધારો કરી સહી-સિક્કો કરેલ પ્રમાણિત નકલ જરૂરી આધારો સહિત **પત્રક 'S-1'**માં ભરી સહી-સિક્કા સાથે બોર્ડ કચેરીએ હોલટીકીટ વિતરણ થયાના ૦૫ (પાંચ) દિવસમાં શાળાના લેટરપેડ પર ફોરવર્ડિંગ લેટર સહિત જમા કરાવવાના રહેશે.

આવેલ અરજીઓ મુજબ નામ, અટકના સ્પેલીંગ દોષમાં થયેલ સુધારાઓ તાત્કાલિક આપવામાં આવશે નહીં, પરંતુ આ સુધારા ગુણપત્રકમાં જ આમેજ થશે. જે પરિણામ જાહેર થયે ગુણપત્રકમાં અવશ્ય ચકાસી લેવાના રહેશે.

10) આપની શાળાના ઉમેદવારના પ્રવેશપત્ર (હોલટીકીટ) બાબતે કોઈપણ સુધારો કે ઉપરોક્ત તમામ રજૂઆત કરવા અંગેની જવાબદારી શાળાના આચાર્યશ્રીએ તમામ વિગતો, આધારો સાથે સ્પષ્ટ રીતે અને જરૂરી તમામ વિગતો દર્શાવી પ્રમાણિત કરી, શાળાના અધિકૃત પ્રતિનિધિ દ્વારા રૂબરૂમાં જ બોર્ડ કચેરીએ પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણના ૦૫ (પાંચ)દિવસમાં કરવાની રહેશે. **કોઈપણ સંજોગોમાં ઉમેદવાર કે તેના વાલી/સંબંધીને બોર્ડ કચેરીએ રજૂઆત માટે મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેશો.**

11) આપની શાળાના ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવાર દિવ્યાંગ હોય કે અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ S.S.C. કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના પ્રમાણપત્રો/ગુણપત્રકો તથા તે બોર્ડ ગુજરાત બોર્ડને સમકક્ષ છે અને માન્ય છે. તેની ખરાઈ પ્રવેશ વખતે શાળા દ્વારા કરાવેલ ન હોય તો સત્વરે કરાવી લેવી અને તેમાં કોઈ વિસંગતતા જોવા મળે કે ઉમેદવારે ધોરણ-૧૦ S.S.C. પાસ ન કર્યું હોય તો જરૂરી આધારો સાથે બોર્ડ કચેરીમાં રૂબરૂ રજૂઆત કરવી.

<u>સુધારાપત્રક 'S' (વિષય સુધારા માટે) રૂબરૂ મુલાકાત કરવી અને</u>

<u>'S-૧' (નામ/અટક સુધારા માટે) ટપાલથી નીચેના સરનામે મોકલવું.</u>

(1) શ્રી એન.કે.પટેલ (સામાન્ય પ્રવાહ માટે)
મદદનીશ સચિવ, શાખા-ક-૧,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦.બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

(2) વધુ માહિતી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** નિયમિત જોતાં રહેશો.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ રવાના :</u>
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ) તરફ જાણ સારુ.

(આ પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું)

## પત્રક – "S"

(નમુનાનું પત્રક) (વિષય સુધારા માટે)

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા,

માર્ચ – ૨૦૨૪

સામાન્ય પ્રવાહમાં બેઠક નંબરોની

યાદીમાં વિષય સુધારો કરાવવા માટેનું પત્રક

શાળાનું નામ અને સરનામું.................................

.................................................................

મોબાઈલ નં : .............................................

શાળાનો ઈન્ડેક્ષ નંબર .................................

પ્રવાહ : સામાન્ય

કેન્દ્રનું નામ અને કોડ નંબર

.................................................................

| ક્રમ | ઉમેદવારનો બેઠક નંબર | S.I.D. નંબર | પરીક્ષાર્થીનું નામ | હોલટીકીટમાં દર્શાવેલ જૂની પરિસ્થિતિની વિગત | શાળાના રેકોર્ડ મુજબ વિષય સુધારો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |

<u>ખાસ નોંધ :</u> (૧) સુધારા પત્રકમાં શાળાના આચાર્યશ્રીએ સહી-સિક્કા કરવાના રહેશે. (૨) પરીક્ષાર્થીઓના વિષયમાં સુધારો કરાવવાનો હોય તો સુધારો કરાવવાની વિગતના કોલમમાં પરીક્ષાર્થીનું પૂરેપૂરૂં નામ અને **S.I.D. NO.** દર્શાવવો. (૩) જે તે સુધારા માટે ઓનલાઈન આવેદનપત્રની શાળાપ્રત અને હોલટીકીટની ઝેરોક્ષ નકલ અવશ્ય લાવવાની રહેશે. (૪) જે તે વિષયના સુધારામાં ઉમેદવારને અગાઉ મુક્તિ મેળવેલી હોય તો હોલટીકીટની ઝેરોક્ષ અને અગાઉના વર્ષના ગુણપત્રકની નકલ લાવવાની રહેશે. (ફક્ત રીપીટર ઉમેદવાર માટે) (૬) પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણના દિન-૦૫ (પાંચ)માં શાળાના અધિકૃત કર્મચારી મારફત રૂબરૂમાં સુધારા આપવાના રહેશે.

તારીખ : ...................................

આચાર્યશ્રીની સહી અને સિક્કો

મોબાઇલ નંબર - ................................................

(આ પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું)

## પત્રક – "ડ-૧"

(નમૂનાનું પત્રક) (નામ-અટક વગેરેનો સુધારો)
ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા,
માર્ચ – ૨૦૨૪
સામાન્ય પ્રવાહમાં બેઠક નંબરોની
યાદીમાં નામ-અટક સુધારો કરાવવા માટેનું પત્રક

શાળાનું નામ અને સરનામું................................
................................................................
મોબાઈલ નં : ..............................................
શાળાનો ઇન્ડેક્ષ નંબર ..................................
પ્રવાહ : સામાન્ય
કેન્દ્રનું નામ અને કોડ નંબર
................................................................

| ક્રમ | ઉમેદવારનો બેઠક નંબર | S.I.D. નંબર | પરીક્ષાર્થીનું નામ | હોલટીકીટમાં દર્શાવેલ પરીક્ષાર્થીના નામની જૂની પરિસ્થિતિની વિગત | શાળાના રેકોર્ડ મુજબ નામનો સુધારો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |

<u>ખાસ નોંધ</u> : (૧) સુધારા પત્રકમાં શાળાના આચાર્યશ્રીએ સહી-સિક્કા કરવાના રહેશે. (૨) પરીક્ષાર્થીઓના નામ-અટકમાં સુધારો કરાવવાનો હોય તો સુધારો કરાવવાની વિગતના કોલમમાં પરીક્ષાર્થીનું પૂરેપૂરું નામ અને S.I.D. નંબર દર્શાવવો. (૩) શાળાના જી.આર.ની. નકલ. (૪) જે તે સુધારા માટે ઓનલાઈન આવેદનપત્રની શાળાપ્રત અને હોલટીકીટની ઝેરોક્ષ નકલ અવશ્ય લાવવાની રહેશે. (૫) પરીક્ષાર્થીના નામ સુધારા માટે શાળાના જેટલા ઉમેદવારોના નામમાં ક્ષતિ હોય તેની હોલટીકીટના વિતરણના ૦૫ (પાંચ) દિવસમાં શાળાના લેટરપેડ ઉપર ફોરવર્ડીંગ લેટર સહિત જમા કરાવવાની રહેશે. (૬) હોલટીકીટ વિતરણ બાદ ૦૫ (પાંચ) દિવસમાં ફેરફાર અત્રે મળે તે જ માન્ય રહેશે. જેની ખાસ નોંધ લેવી.

આચાર્યશ્રીની સહી અને સિક્કો

તારીખ : ................................

મોબાઇલ નંબર - ..............................................